**<u>સ્પે.દિ.મુ.નં.–૫/૨૦૨૨ ના કામે આંક–૬ લગત વચગાળાના મનાઈહુકમની અરજી લગત હુકમ</u>**

૧. વાદીની સીપીસી ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ મુજબ વચગાળાના મનાઈહુકમ અરજીની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામનાં પક્ષકારો ગુજ. વલ્લભભાઈ પરબતભાઈ ભડાણીયા ના વારસદારો છે. વલ્લભભાઈ ભડાણીયાનું તા.૨૩/૪/૧૫ ના રોજ અને દીવાળીબેન વલ્લભભાઈ ભડાણીયાનુ તા.૪/૧૧/૧૯ ના રોજ અવશાન થયેલ છે. પ્રતિવાદી નં–૧ અને ૨ વાદીના ભાઈઓ અને પ્રતિવાદી નં–૩ સગા બહેન છે. પક્ષકારોની હીંદુ અવિભકત કુટુંબની જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાનાં વેળવા ગામની ખેડખાતા નં–૬૨૬ માં આવેલ ખેતીની પીયતની જમીન જુના સર્વે નં–૩૪/પૈકી ૨નાં નવા સર્વે નં–૧૫૮ હે.આરે.ચો.મી. ૧–૪૪–૧૪ ખેતીની જમીન આ કામનાં પક્ષકારોના ગુજ. પિતાશ્રી વલ્લભભાઈ પરબતભાઈ ભડાણીયા ના જુના ખેડખાતા નં–૫૨૬ થી આવેલ અને તેઓના પિતાશ્રીનુ તા.૨૩/૪/૧૫ ના રોજ અવશાન થતા વારસોમાં વાદી પ્રતિવાદી તથા તેઓના ગુજ. માતૃશ્રીનુ નામ ગામનો નમુનો ૬ હકક પત્રક નોંધ નંબર–૪૯૫૬ માં દાખલ થયેલ. ત્યારબાદ તેઓના માતૃશ્રી દીવાળીબેન વલ્લભભાઈનુ તા.૪/૧૧/૧૯ ના રોજ અવશાન થતા તેઓનું નામ ગામના નમુના નં–૬ મા નોંધ નં–૫૮૪૪ થી કમી કરવામા આવેલ છે.

આ કામના પ્રતિવાદી નં–૧ અને ૨ ના વાદી તથા પ્રતિવાદી નં–૩ ને ખેતીની જમીનની વહેંચણી અંગે ખોટુ સમજાવી છળકપટ વિશ્વાસઘાત કરી હકક કમીનુ સોગંદનામુ કરાવેલ. જે કાયદા મુજબનુ ન હોય વાદી તથા પ્રતિવાદી નં–૩ ના હકકકમી થતા નથી. કારણકે આ રીલીઝડીડ રજીસ્ટરમા નોંધાવુ જરૂરી છે. વાદી તથા પ્રતિવાદી નં–૩ ના પિતાનુ અવશાન વર્ષ–૨૦૦૫ મા થયેલ હોય તેવો હકક હીસ્સો માંગવા હકકદાર છે. વાદીએ તા.૧૦/૧/૨૨ ના રોજ ખેડખાતાની નકલો કઢાવતા તેઓ સાથે જમીનની

વહેંચણીના બદલે હકક કમીનુ સોગંદનામુ થયેલ હોય છળકપટ અને વિશ્વાસઘાત કરેલ હોવાની જાણ થયેલી. જે અંગે પ્રતિવાદી નં–૧ અને ૨ ને જાણ કરતા પ્રતિવાદી નં–૨ ના પહેલા સહમત થયેલા હતા. અને પ્રતિવાદી નં–૧ ના એ ખોટા બહાના બતાવી લંબાવેલ. અને છેલ્લે તા ૧/૯/૨૨ ના રોજ પ્રતિવાદી નં–૧ તથા ૨ ના એ સ્પષ્ટ ઈન્કાર કરતા વાદીએ હાલનો દાવો દાખલ કરી પ્રતિવાદી નં.–૧ અને નં.–૨ કે તેના પ્રતિનીધીઓ દાવાવાળી જમીન ને દાવાના નીકાલ દરમીયાન કોઈને ટ્રાન્સફર કે એસાઈન કરે નહી કે કરાવે નહી કે સદરહુ જમીનનો કબજો કોઈને સોંપે નહી કે સોંપાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજી કરેલ છે.

૨. વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓને થતાં વકીલશ્રી માફરતે હાજર થઈ આંક–૧૫ થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, વાદીની દાવા અરજીમાં વાદીએ વેડવા ગામનો નમુનો નં.–૬ હકક પત્રકની નોંધ નં.૫૧૭૮ તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ પ્રમાણીત થયેલ છે જે ચેલેન્જ કરેલ છે. જેથી વાદીના દાવાને મનાઈ હુકમની અરજીને મુદતનો બાધ નડે છે. દાવાવાળી જમીન પ્રતિવાદી નં.–૧ અને નં.–૨ ના નામે આવેલ છે. તેમાં વાદીનું કાંઈ પણ લાગભાગ, હકક કે હિસ્સો નથી. વાદી તથા પ્રતિવાદી નં.–૩ ના એ હકક કમીનું સોગંદનામું તા.૩૧/૦૫/૨૦૧૬ ના રોજ કરેલ. ત્યારે પક્ષકારોના માતૃશ્રી દિવાળીબેન વલ્લભભાઈ પણ હયાત હતા અને તે સોગંદનામામાં હકક, હિસ્સો રાજીખુશીથી ઉઠાવી લઈએ છીએ તેવો ઉલ્લેખ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.–૧ અને નં.–૨ ની તરફેણમાં તેઓનો હકક, હિસ્સો રાજીખુશીથી કમી કરેલ છે તેવી કબુલાત આપેલ છે અને ત્યારબાદ પક્ષકારોના માતૃશ્રી દિવાળીબેન વલ્લભભાઈ ભડાણીયાનું ૨૦૧૯ માં અવસાન થયેલ. તેનું નામ દાવાવાળી જમીનમાંથી નોંધ નં.૫૮૪૪ તા.૦૪/૧૨/૨૦૨૦ ના

રોજ કમી થયેલ છે. વાદીએ તેમના સોગંદનામામાં કબુલ કરેલ છે કે, તેઓનો કે તેઓના વાલી વંશ વારસોનો કોઈ પણ જાતનો હકક, હિત કે હિસ્સો, અધિકાર રહેતો નથી. આ જમીન પરત્વે તેઓને કે તેઓના વંશ વારસોને કોઈ કચેરીમાં દાવો કરવાનો અધિકાર રહેતો નથી. જે સોગંદનામું તા.૩૧/૦૫/૨૦૧૬ ના રોજ રાજકોટ કરવામાં આવેલ, તેમાં એડવોકેટની ઓળખાણ છે અને નોટરી પાસે નોંધાવેલ છે. દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓનો છે અને દાવાવાળી જમીન આશરે છ સાત વીઘા હોવાથી ટુકડા ધારાની જોગવાઈ મુજબ દાવાવાળી જમીનની વહેંચણી થઈ શકે તેમ નથી તેમજ વાદી કોઈ હકક હિસ્સો માંગવા હકકદાર ન હોય દાવા વચગાળાની મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

૩. પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી.વાદી તરફે 2009 LAW SUIT (SC) 247 Sneh Gupta V/s. Devi Sarup and Others ન્યાયીક નિર્ણય રજુ કરેલ છે.

૪ આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ વાદીઓ પુરવાર કરે છે કે તેઓને પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં નઆવે તો તેઓને નાણામાં ભરપાઈ ન શકે તેવુનુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

૭. ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભીપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**// કારણો//**

૮. **મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા**

આ કામે તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકતરીતે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં પહેલાં અહીં એ નોધવું જરૂરી છે. કે મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે.અને સમન્યાયી અદાલત દાવા તારીખની સ્થિતિને લક્ષમાં લઈ ને હુકમ કરે છે.મનાઈ હુકમ રૂટીન કોર્ષમાં મંજુર થઈ શકે નહિ પરંતુ પ્રથમદર્શનીય રીતે કેસ ફલીત થતો હોય ત્યારે મંજુર થવા પાત્ર હોય છે. માત્ર પ્લીડીંગ્સના આધારે મજબુત કેસ ગણી શકાય નહિ. પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભવિષ્યમાં નાણામાં ના આંકી શકાય તેવુ નુકસાન પ્રથમદર્શનીય રીતે પુરવાર થવુ જરૂરી છે. મનાઈ હુકમ એ વિવેકબુધ્ધીની દાદ છે, કોઈ વ્યકિત હકકની રૂએ મનાઈ હુકમ માંગી શકે નહિ. મનાઈ હુકમ મંજુર કરતી વખતે કે ના મંજુર કરતી વખતે રેકર્ડ ઉપરથી હકીકતો લક્ષમાં રાખી પ્રથમદર્શનીય રીતે નિર્ણય કરવાનો રહે છે. મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ હોવાથી જે વ્યકિત દાદ માંગે તેણે અદાલતને સ્પષ્ટપણે બતાવવુ જોઈએ કે તેના તરફે કોઈ ફોલ્ટ નથી અને વધુમાં વાદીએ સ્વતંત્ર રીતે તેઓનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. અને તે માટે તેઓ સામાપક્ષના કેસની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિ.આજ હકીકતના પરીધમાં આ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ પ્રથમદર્શનીયએ સાબીત કરવાનું રહે છે કે, પ્રતિવાદીઓના કૃત્યોથી દાવાવાળી મિલ્કતમાં રહેલ વાદીના કાનુની હકકને હાની થાય તેમ છે.

વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે એ બતાવવુ પડે કે,

દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે,જેમાં તે સફળ થાય તેવી પુરેપુરી શકયતા છે અને વાદીએ પોતાના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ માંગેલ છે જેથી તે પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તેમ છે. વાદીએ હાલની મનાઈ અરજીના સમર્થનમાં માર્ક ૫/૧થી ગામનો નમુનો ૮–અ જમીનની ખાતાવહી રજુ કરેલ છે. જેમાં કબજેદારના નામમાં પ્રતિવાદી નં.–૧ અને નં.–૨ નો ઉલ્લેખ છે તેમજ માર્ક ૫/૨ ગામનો નમુનો ૭ અને ૧૨ ની નકલ રજુ કરેલ છે. જેમાં પણ ખાતેદારોના નામમાં પ્રતિવાદીઓનો ઉલ્લેખ છે. ત્યારબાદ, માર્ક ૫/૩ થી માર્ક ૫/૫ દાવાવાળી ખેતીની જમીનની હકક પત્રકની નોંધ મુકેલ છે. જેમાં માર્ક ૫/૪ થી તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ પ્રમાણીત કરેલ મોજે વેળવા તા.માણાવદરની ગામ નમુનો નં.–૬ હકક પત્રકની નોંધ છે. આમ, આ નોંધ તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ પ્રમાણીત થઈ ગયા બાદ વાદીને તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ ખેડ ખાતાની નકલો કઢાવતા ખબર પડેલ કે, તેઓની સાથે છળકપટ અને વિશ્વાસઘાત થયેલ છે અને જમીનની વહેંચણીના બદલે હકક કમીનું સોગંદનામું થયેલ છે. તેમ છતાં, વાદીએ તા.૧૦/૦૧/૨૦૨૨ થી આજ દિન સુધી રેવન્યુ રાહે સદરહું એન્ટ્રી રદ કરાવવા કોઈ રેવન્યુ રાહે કાર્યવાહી કરેલ હોવાનું રેકર્ડ પર આવેલ નથી તેમજ વાદીની તેઓને તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ ઉપરોકત હકીકતની જાણ થયેલ તેવી રજુઆત પુરાવો લીધા વગર પ્રથમ દર્શનીય પુરવાર થઈ શકે તેમ નથી. તેવા સંજોગોમાં વાદી તરફે રજુ થયેલ 2009 LAW SUIT (SC) 247 Sneh Gupta V/s. Devi Sarup and Others ન્યાયીક નિર્ણયની હકીકતો હાલના દાવાની હકીકતોથી અલગ હોય સદરહું ન્યાયીક નિર્ણયથી વાદીને કોઈ લાભ મળી શકે તેમ નથી. વાદી દાવામાં તેઓને તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ તેઓના ખેડ ખાતાની નકલો કઢાવતા ખબર પડેલ તે હકીકત પુરાવો લીધા સિવાય પુરવાર થઈ શકે તેમ ન હોય તેમજ વાદીએ રેવન્યુ રાહે પગલા લીધેલ હોવાનું રેકર્ડ પર આવેલ ન હોય વાદી પ્રથમ દર્શનીય

કેસ પુરવાર કરી શકેલ નથી ત્યારે વચગાળાના મનાઇ હુકમથી પક્ષકારોને થતી અનુકુળ / પ્રતિકુળ અસરોનું તુલનાત્મક મુલ્યાંકન કરવુ જરૂરી બને છે જેને ''બેલેન્સ ઓફ કન્વીન્યનસ'' કહેવામા આવે છે. વાદીને જો મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને વધારે અગવડતા/સગવડતા થાય તેમ હોઇ ''બેલેન્સ ઓફ કન્વીન્યનસ'' પણ વાદીની તરફેણમાં નથી અને તેવા સંજોગોમાં વાદી જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવા સંભવ છે  તેવુ પણ સાબિત કરી શકેલ નથી તેમજ દાવાની હકીકતો ધ્યાને લેતાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ તેઓની તરફેણમાં ન હોઈ મુદા.નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

વાદીની આંક–૬ ની મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૪ મી માહે જાન્યુઆરી સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાદી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૧/૨૦૨૪
મુ. વંથલી

( આઈ.એ.શેખ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી.